તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૪ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૮ — ૨૮ જૂન, ૨૦૧૬, મંગળવાર ; જેઠ વદ - ૮ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## મુખ્યમંત્રી તરીકેના ચહેરા બનવા શીલા દિક્ષિતનો ઈન્કાર

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગરેસના વરિષઅઠ નેતા શીલા દિક્ષિતે ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બનવાનો ઈનકાર કરી દીધો છે. પ્રાપ્ત માહિતી મુજબ શીલા દિક્ષિત ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે રહેવા ઈચ્છુક નથી. ઉત્તરપ્રદેશમાં વર્ષ ૨૦૧૭માં હાઈવોલ્ટેજ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ઉત્તરપ્રદેશમાં પાર્ટીની સ્થિતિને સુધારવા માટે કોંગ્રેસ દ્વારા ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરની મદદ લેવામાં આવી રહી છે.

# રઘુરામ રાજન દેશભક્ત છે : નરેન્દ્ર મોદી

### પબ્લિસીટી મેળવવા માટેની ઈચ્છાથી કોઈને ફાયદો થશે નહીં : સુબ્રમણ્યમની તરફ મોદીનો ઈશારો : બેંકોના પૈસા લઈ ફરાર લોકો સામે પણ લાલ આંખ

નવી દિલ્હી, તા. ૨૭

આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન ઉપર હાલમાં કરવામાં આવી રહેલા પક્ષના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીના પ્રહારોને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નારાજગી વ્યક્ત કરી હતી અને તેમના પ્રહારો સામે વાંધો ઉઠાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે આ પ્રકારના પ્રહારો બિલકુલ યોગ્ય નથી. મોદીએ સુબ્રમણ્યમ સ્વામીના રાજન અને નાણાં મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપર પ્રહારોને ફગાવી દઈને કહ્યું હતું કે આ બાબત બિલકુલ યોગ્ય દેખાતી નથી. રાજન પણ સંપૂર્ણપણે દેશ માટે કામ કરી રહ્યા છે. રાજન પણ ઓછા દેશભક્ત નથી. મોદીએ એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે નાણામંત્રી અરૂણ જેટલીના સંદર્ભમાં સ્વામીના આક્ષેપો બિલકુલ યોગ્ય નથી. રાજન,



અરવિંદ સુબ્રમણ્યમ, આર્થિક બાબતોના સેક્રેટરી શક્તિકાંતદાસ ઉપર સુબ્રમણ્યમ સ્વામી દ્વારા કરવામાં આવી રહેલા આક્ષેપોથી ભાજપને અલગ કરવાના પ્રયાસ વડાપ્રધાને કર્યા હતા.

મોદીએ વાતચીત દરમ્યાન કહ્યું હતું કે તેમની પાર્ટીને લઈને તેઓ કહેવા માંગે છે કે આ પ્રકારની બાબત બિલકુલ યોગ્ય નથી. સ્વામીએ જેટલીના નામનો ઉલ્લેખ કર્યા વગર હાલમાં ઉગ્ર ટીકા કરી હતી. સ્વામીના નામનો ઉલ્લેખ કર્યા વગર મોદીએ રઘુરામ રાજન સામે પ્રશ્નો કરનારની ઝાટકણી કાઢી હતી. મોદીએ અન્ય મુદ્દા ઉપર પણ વાત કરી હતી. સ્વામીની ટીપ્પણી પર મોદીએ કહ્યું હતું કે તેમની પાર્ટીમાં હોય કે ન હોય છતાં તેઓ માને છે કે આવા આક્ષેપ યોગ્ય નથી. લોકપ્રિયતા મેળવવાની જે બાબત રહેલી છે તેનાથી કોઈનું પણ ભલું થશે નહીં.

## સુબ્રમણ્યમ સ્વામીના મામલે ભાજપ દ્વિધામાં છે

નવી દિલ્હી, તા. ૨૭

નાણામંત્રી અરૂણી જેટલી હાલના દિવસોમાં સુબ્રમણ્યમ સ્વામીના અંગત પ્રહારોને લઈને ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સ્વામીના પ્રહારોથી નારાજ થયેલા અરૂણ જેટલી ચીનના પ્રવાસથી પરત ફર્યા બાદ ભવિષ્યમાં આ પ્રકારના



પ્રહારો તેમના ઉપર અને તેમના મંત્રાલય ઉપર ન થાય તેની ખાતરી કરવાના તમામ પ્રયાસો કરશે. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ અરૂણ જેટલીના એક વિશ્વાસુ વ્યક્તિનું કહેવું છે કે સ્વામીના ટ્વીટર ઉપર કરવામાં આવેલા પ્રહારોથી જેટલી નાખુશ દેખાઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે ટ્વીટર પર કરવામાં આવેલા હુમલાને અંગત અભિપ્રાય કહીને છોડી શકાય નહીં. સ્વામી પાર્ટીના સભ્ય પણ છે. રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી સતત નાણામંત્રી ઉપર જાહેરમાં પ્રહાર કરી રહ્યા છે. ત્યારબાદ તેઓએ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ, આર્થિક મામલાના સચિવ શક્તિકાંતદાસ, આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન અને અન્યો ઉપર પણ પ્રહાર કરી ચુક્યા છે.

## મોદી સરકારને વિદેશ નીતિ પર જ વધુ રેટિંગ

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારની બે વર્ષની અવધિ પૂર્ણ થઈ ગયા બાદ હાલમાં જ કરાવવામાં આવેલા ઓનલાઈન સર્વેમાં લોકોએ મોટા ભાગે તેમની ફોરેન પોલીસી અને રેલવેને સૌથી વધારે રેટિંગ આપ્યા છે. આ બન્નેની કામગીરી અને પોલીસીને લઈને લોકો ખુશ થયેલા છે. ઓનલાઈન સર્વેમાં ફોરેન પોલીસી અને રેલવેના આધુનિકીકરણને સૌથી વધારે રેટિંગ મળ્યા છે. માય ગોવ પોર્ટલ પર એક મહિનાના લાંબા ગાળા સુધી આ સર્વેની કામગીરી ચાલી હતી. જેની પ્રક્રિયા ગયા સપ્તાહમાં જ પૂર્ણ કરવામાં આવી છે. તેમાં આશરે ૨.૭ લાખ લોકોએ સરકારના પ્રયાસોને રેટિંગ આપ્યા હતા. ફોરેન પોલીસી અને રેલવે બાદ સૌથી વધારે રેટિંગ મેળવી જવામાં નિતિન ગડકરીના માર્ગ અને પરિવહન મંત્રાલયનો સમાવેશ થાય છે. ફોરેન પોલીસી, રેલવે અને રોડ એન્ડ હાઈવેજને સર્વેમાં સામેલ થયેલા ૬૦ ટકાથી વધારે



લોકોએ ઉંચી રેટિંગ આપી છે. આશરે ૬૭ ટકા લોકોએ દેશની ફોરેન પોલીસી સાથે જોડાયેલા પ્રયાસોને અને રેલવેને પાંચ સ્ટાર રેટિંગ આપ્યા છે. રોડ્સ એન્ડ કન્સ્ટ્રક્શનને ૬૪ ટકા લોકોએ ટોપ રેટિંગ આપ્યા છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે અંતિમ પરિણામ ટુંક સમયમાં જ વડાપ્રધાનની કચેરીને સોંપી દેવામાં આવનમાર છે. કેબિનેટમાં ટુંક સમયમાં જ મોટા ફેરફાર કરવામાં આવી શકે છે. આવી

● અનુસંધાન પાના ૭ પર

## દેશમાં ૧૩૦૦૦ કરોડથી વધુના કાળા નાણાંનો પર્દાફાશ

### ૨૦૧૧-૨૦૧૩ વચ્ચે મળેલી માહિતીના આધાર ઉપર જંગી કાળા નાંણાનો પર્દાફાશ : વિદેશી ખાતાઓના સંદર્ભમાં હવે અતિ મહત્વપૂર્ણ માહિતી મળી

નવી દિલ્હી,તા. ૨૭

વિદેશી બેંક ખાતાઓમાં બિનહિસાબી આવક છુપાવી રહેલા લોકોની સામે કરવામાં આવી રહેલી કાર્યવાહીના હવે પરિણામ મળવા લાગી ગયા છે. આ સંબંધમાં જ ઈનકમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા હજુ સુધી ૧૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુના કાળા નાણાં અંગે માહિતી મેળવી લીધી છે. આ જંગી કાળા નાણાંનો પર્દાફાશ કરવામાં આવી ચુક્યો છે. માત્ર બે તબક્કામાં મળેલી માહિતીના આધાર પર આ જંગી આંકડો સપાટી પર આવી ગયો છે. વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૩માં મળેલી સુચનાના આધાર પર આંકડા સપાટી પર આવ્યા છે. જિનિવાની એચએસબીસી બેંકમાં ઓછામાં ઓછા ૪૦૦ ભારતીયના ડિપોઝીટના મામલામાં ઈનકમ ટેક્સ ઓથોરિટી દ્વારા ૮૧૮૬ કરોડ રૂપિયાની બિન હિસાબી આવકનો ખુલાસો કરવામાં આવ્યો છે. વિદેશી ખાતાના સંબંધમાં હજુ સુધીનો સૌથી મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. એક ઈનકમ ટેક્સ અસેસમેન્ટ રિપોર્ટના કહેવા મુજબ ૩૧મી માર્ચ ૨૦૧૬ સુધી આવા ખાતા ધારકો પાસેથી ૫૩૭૭ કરોડ રૂપિયાના ટેક્સની માંગ કરવામાં આવી ચુકી છે. અત્રે નોંધનીય છે કે એચએસબીસી જિનિવા બેંકમાં ભારતીયોના ખાતાની માહિતી વર્ષ ૨૦૧૧માં ફ્રાન્સ સરકારે આપી હતી.

## સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદ

અમદાવાદ, તા. ૨૭

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદ યથાવત રીતે જારી રહ્યો હતો. બીજી બાજુ ભારે વરસાદની કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે વરસાદ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સાથે સાથે ખુશીનું મોજુ પણ ફરી વળ્યું હતું. સૌરાષ્ટ્રના જે ભાગોમાં વરસાદ થયો છે તેમાં જુનાગઢ, રાજકોટનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાઓએ સારો વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ તમામ બંદરો ઉપર ત્રણ નંબરના સિગ્નલો મુકી દેવામાં આવ્યા છે. સાવચેતીના પગલાંરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આજે વડોદરામાં પણ વીજ કડાકા સાથે વરસાદ થયો હતો. રાજુલામાં અડધા કલાકમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. સાવરકુંડલામાં પણ ધોધમાર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે.

બીજી બાજુ અમદાવાદમાં ૨૯ અને ૩૦મી જૂનના દિવસે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં જેતપુરમાં સારો વરસાદ થયો છે. વાપી અને આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. ખંભાતના જુદા જુદા પંથકોમાં પણ વરસાદ થયો છે. સાવરકુંડલા તાલુકામાં પણ ધોધમાર વરસાદ થયો છે.



ઈદની ખરીદી : રમઝાનની આરાધનાના પગલે એક સપ્તાહ બાદ રમઝાન ઈદની ઉજવણી થશે. મુસ્લિમ બિરાદરોમાં દિવાળી જેટલો મહિમા ધરાવતા રમઝાન ઈદની ખરીદીનો ધમધમાટ ચાલે છે. આજકાલ અમદાવાદના બજારોમાં ઈદની ખરીદી વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

## ધોરણ-૧૨માં એક વર્ષ સેમેસ્ટર પદ્ધતિ યથાવત રાખવા સરકારનો નિર્ણય

### સેમેસ્ટર પદ્ધતિને લઈને પ્રવર્તતી કેટલીક દુવિધાઓ પણ દુર કરાઈ : ગ્રુપ-બીનાં વિદ્યાર્થીને વિકલ્પ

અમદાવાદ, તા. ૨૭

સેમેસ્ટર પદ્ધતિને લઈને કેટલીક દુવિધાઓ વચ્ચે આજે શિક્ષણ પ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જાહેરાત કરી હતી કે ધો. ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ એક વર્ષ સુધી ચાલુ રહેશે.

વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે ગ્રુપ-બીમાં રહેલા વિદ્યાર્થીઓને વિકલ્પ આપવામાં આવશે. સેમેસ્ટર પદ્ધતિ આ વર્ષે ચાલુ રહેશે કે કેમ તેને લઈને દુવિધાઓ હતી.

છઠ્ઠી જૂનના દિવસે શિક્ષણના ક્ષેત્રમાં અનેક પ્રકારની દુવિધાઓ અને માંગ વચ્ચે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લેતા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ નાબૂદ કરવાનો નિર્ણય કર્યો હતો. ધોરણ ૧૨ પછીના ઈજનેરી, ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૭-૧૮થી કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ તરીકે જેઈઈ મેઈનને મરજિયાત કરવાનો અને ગુજકેટ દાખલ કરવાનો પણ મહત્વપૂર્ણ નિર્ણય છઠ્ઠી જૂનના દિવસે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો અને આ સંદર્ભમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨માં હાલમાં ચાલતી સેમેસ્ટર પધ્ધતિ નાબુદ કરવાનો રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાની જાહેરાત શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કરી હતી.


સ્પર્ધાત્મક પરીક્ષા માટે
ફેકલ્ટી જોઇએ છે
-: વિષય :-
કાયદો, બંધારણ, ઇતિહાસ
ભૂગોળ, કરન્ટ, ગુજરાતી
સાહિત્ય તથા વ્યાકરણ, વિજ્ઞાન
લેક્ચરનો સમય
૧૧ થી ૧ (સોમ થી શનિ)
પેમેન્ટ રૂા. ૫૦૦/- (પ્રતિ કલાક)
-: સંપર્ક :-
8141323813
9974461902

રક્તદાન - મહાદાન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

બીજી પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



जातस्य हि ध्रुवो मृत्यु -
ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि ॥
२-२७ भागवत गीता

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને
મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી
ન શકાય એવી આ બાબતમાં
શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
૨-૨૭ ભાગવત ગીતા

આજે બીજી પુણ્યતિથિએ
આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

સ્વ. વાસુદેવ લક્ષ્મીશંકર પંડ્યા
સ્વર્ગવાસ દિન જેઠ વદ-૮ વિ.સ. ૨૦૭૦

લિ.
કમલેશભાઈ વાસુદેવભાઈ પંડ્યા
સનતભાઈ વાસુદેવભાઈ પંડ્યા
તીર્થ સનતભાઈ પંડ્યા